# પ્યાલો પકડેલો એક બાળક

## ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ દ્વારા પુનઃ કથિત

સદીઓ પહેલાં, એક સવારે, એક મહાનુભાવ દરિયા કિનારે ફરી રહ્યા હતા જેઓ આગળ જતા સંત ઑગસ્ટીનના નામે ઓળખાયા. પરમ સત્યની ખોજમાં તેઓ રાત-રાત ભર જાગતા હતા — વિચારોથી ઘેરાયેલા, અધ્યયનમાં ડૂબેલા, તર્ક-વિતર્કમાં ખોવાયેલા, પ્રાર્થનામાં રત. અને તે બધું તેમને ક્યાં લઈ આવ્યું હતું? તેમણે શું પ્રાપ્ત કર્યું હતું? તેમની પાંપણો ભારે હતી. તેમના શરીરનો દરેક સાંધો દુઃખતો હતો. કાશ તેઓ આરામ કરી શકત.

સત્યની ખોજમાં ઑગસ્ટીને તેમના મનની સંપૂર્ણ શાંતિ ગુમાવી દીધી હતી. આત્મ-સાક્ષાત્કાર પાછળ તેઓ એટલી ઝડપથી દોડી રહ્યા હતા કે હવે તેમને એ પણ ખબર નહોતી રહેતી કે દિવસ છે કે રાત. શાસ્ત્રો પર શાસ્ત્રો, શબ્દો અને વધારે શબ્દો, તર્ક-વિતર્ક, સિદ્ધાંતો, વિચાર-વિમર્શ, પંથ-સંપ્રદાય, મહાનતમ અને નવીનતમ વિચારો — આ બધી વિચારધારાઓથી તેમનું માથું એટલું ભારે થઈ ગયું હતું કે તેમને લાગતું હતું કે તે ફાટી જશે. તેમના મનમાં રહેલા આ બોજને કારણે ઘણીવાર તેઓ એક ખૂંધિયા માણસની જેમ નીચે વળી ગયેલા દેખાતા હતા.

વહેલી સવારે તેઓ સાગર અને આકાશના વિસ્તારને નિહાળતા દરિયા કિનારે ચાલી રહ્યા હતા — જાણે તે કંઈક શોધી રહ્યા હતા. થોડા સમય પછી, તેમણે એક નાના બાળકને જોયો જે સાવ એકલો ઊભો હતો. હાથમાં એક પ્યાલો પકડીને, એ બાળક સાગરને એકીટશે જોઈ રહ્યો હતો.

જ્યારે ઑગસ્ટીન તેની નજીક આવ્યા તો તેમણે એ નાના બાળકને ખૂબ જ દુઃખી અને લાચાર જોયો. તે એકલો અને વિચારોમાં ખોવાયેલો દેખાતો હતો.

ઑગસ્ટીન આ બાળક માટે કરુણાથી ભરાઈ ગયા. તેની નજીક જઈને તેમણે કહ્યું, ‘‘બેટા, શું થયું? તું આટલો દુઃખી કેમ છે? તું શું વિચારી રહ્યો છે?’’

એ બાળકે સંત ઑગસ્ટીનની સામે જોયું, તેની આંખો નિરાશાથી ભરેલી હતી. તેણે કહ્યું, ‘‘હું અહીં મારો પ્યાલો લઈને આવ્યો હતો જેથી હું આખા સાગરને તેમાં ભરી શકું. હું બહુ લાંબા સમયથી અહીં ઊભો છું અને ઘણો પ્રયાસ કરી રહ્યો છું, પણ હું એવું કરી જ નથી શકતો. મને સમજાતું નથી કે હું શું કરું. એટલે હું બહુ દુઃખી છું.’’

ઑગસ્ટીને ખૂબ જ પ્રેમથી એ બાળકના ખભા પર પોતાનો હાથ મૂકીને કહ્યું, ‘‘તું વગર કારણે પોતાને આટલો દુઃખી કેમ કરી રહ્યો છે? સાગર કેટલો વિશાળ છે અને તારો પ્યાલો કેટલો નાનો છે. સાંભળ. મારી પાસે એક બહુ

સરસ યુક્તિ છે. તું તારો પ્યાલો પાણીમાં કેમ નથી ફેંકી દેતો? પછી તારો પ્યાલો સાગરનો જ ભાગ બની જશે અને તારી સમસ્યાનું સમાધાન થઈ જશે.''

એ નાના બાળકને આ યુક્તિ બહુ ગમી ગઈ. તેના ચહેરા પર સ્મિત ખીલી ઊઠ્યું. નાચતી આંખો સાથે તેણે પોતાના પ્યાલાને, સાગરમાં જેટલી દૂર સુધી ફેંકી શકતો હતો, ફેંકી દીધો.

પ્યાલો હવામાં ઊડીને ચમકતાં, લહેરાતાં પાણીમાં ગાયબ થઈ ગયો; ઑગસ્ટીન આશ્ચર્યચકિત થઈ ગયા. તેમની આંખો પહોળી થઈ ગઈ. તેમણે પોતે અત્યારે જે શબ્દ કહ્યા હતા, તેઓ એ શબ્દોને પોતાના મનમાં ગુંજતા સાંભળી રહ્યા હતા. *તારા પ્યાલાને પાણીમાં ફેંકી દે.* અને તેમને સમજાઈ ગયું કે તેમની દુવિધાનો આ જ તો જવાબ છે.

તેમનું હૃદય પોકારી ઊઠ્યું, ''ઑગસ્ટીન! ઑગસ્ટીન, તને સમજાયું ને? તું ચિતિના સંપૂર્ણ સાગરને તારા અહંના એક નાના પ્યાલામાં ભરવાનો પ્રયત્ન કરી રહ્યો છે અને રડી રહ્યો છે કારણકે તે એમાં સમાતો નથી. ઑગસ્ટીન, તેના બદલે, તારા અહંને પરમ પ્રેમના સાગરમાં ફેંકી દે. જે જ્ઞાન તું શોધી રહ્યો છે, તેના માટે તારો પ્યાલો બહુ નાનો છે. તેને સાગરમાં ફેંકી દે — એ જ્ઞાનસાગરમાં જે મનની પરે છે — અને પછી તું સ્વયં પ્રજ્ઞાન બની જઈશ.''

તેમની અંદર જ્યારે આ જ્ઞાન ઉદ્‌ભવ્યું તો ઑગસ્ટીનને લાગ્યું કે જાણે તેઓ કોઈ કેદથી મુક્ત થઈ ગયા હોય. તેમને એટલી હળવાશનો અનુભવ થઈ રહ્યો હતો કે તેઓ નૃત્ય કરવા ઇચ્છતા હતા. તેમને તો એ વાતનો પણ વિશ્વાસ હતો કે જો તેઓ ઇચ્છે તો ઊડી પણ શકશે.

તેમના જીવનનો ભાર, આટલાં વર્ષો સુધી અંધકારમાં શોધતા રહેવાનો બોજો ઉતરી ગયો હતો. અને હવે તેઓ જ્યાં પણ જોતા ત્યાં પ્રકાશ જ પ્રકાશ હતો. તે ઝળહળી રહ્યો હતો.

ઑગસ્ટીનને સત્યનાં દર્શનનો પ્રસાદ મળ્યો હતો, અને તે એક ક્ષણમાં તેમનું રૂપાંતરણ થઈ ગયું. ચાલતા-ચાલતા તેમની અંદર નવી સમજના તરંગો ઉછળી રહ્યા હતા — એક પછી એક તરંગો, તેમને અધિકાધિક પ્રેરિત કરી રહ્યા હતા. આટલા સમયથી, શાસ્ત્રોના ગૂઢ શબ્દોના અર્થને સમજવાના પ્રયત્નમાં તેમણે પોતાના ચહેરાને પુસ્તકોમાં દફન કરી રાખ્યો હતો. હવે તેમનો ચહેરો ઉપર ઊઠી ગયો હતો. તેઓ સંસાર પ્રત્યે, ભગવાનના સંસાર પ્રત્યે પૂરીરીતે ખુલી ગયા હતા, ભગવાનના જ્ઞાનને ચારેબાજુ જોઈ રહ્યા હતા. તેઓ રેતીના દરેક કણ પ્રત્યે પ્રેમથી ઓતપ્રોત થઈ ગયા હતા. સૃષ્ટિનો દરેક ખૂણો શાસ્ત્રનું ગાન કરી રહ્યો હતો. સૃષ્ટિનો દરેક ખૂણો ઈશ્વરનાં ગુણગાન કરી રહ્યો હતો.

દરિયા કિનારે ચાલતા-ચાલતા ઑગસ્ટીને જોયું કે વાસ્તવમાં, હજારો છોકરાઓ અને છોકરીઓ ચિતિના સાગર કિનારે પોતાના હાથમાં પ્યાલો પકડીને ઊભાં હતાં. અને દરેક વ્યક્તિ વિચારી રહી હતી, ''મારી પાસે મોટો પ્યાલો છે. તેમાં ઘણો બધો સાગર સમાઈ જશે.'' અથવા, ''મારો પ્યાલો પેલા છોકરાના પ્યાલા કરતાં મોટો છે. તેમાં હજી વધારે સાગર સમાઈ જશે.'' ''મારા પ્યાલાની બનાવટ એટલી સરસ છે કે તે પેલી છોકરીના પ્યાલા કરતાં વધારે

ઝડપથી ભરાશે.'' ''મારો પ્યાલો કેટલો સુંદર છે. સાગર તેના આકર્ષણથી નહીં બચી શકે.'' એ બધાંએ પોતાના અહંના પ્યાલાને એટલો કસીને પકડ્યો હતો, તેઓ તેના પર એટલા મોહિત હતાં કે તેને છોડી શકતાં નહોતાં. ''મારો પ્યાલો ત્રણ પેઢીમાં થઈને મારી પાસે આવ્યો છે.'' ''મારો પ્યાલો અનોખો છે.'' ''મારો પ્યાલો ઉત્તમ છે.'' તેઓ બધાં કેટલા લાંબા સમયથી રાહ જોઈ રહ્યાં હતાં. તેઓ બધાં ઘણો પ્રયત્ન કરી રહ્યાં હતાં. પરંતુ તેમાંના દરેકનો પ્યાલો ખાલી હતો.

ઑગસ્ટીનનું હૃદય પોકારી ઊઠ્યું, ''ઓ મારા પ્રિયજનો, તમારા પ્યાલાને સાગરમાં ફેંકી દો. સ્વયંને પ્રેમમાં વિલીન થઈ જવા દો. તમારા પ્યાલાને સાગરમાં ફેંકી દો!''

© ૨૦૨૧ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.